# આંધ્રમાં 'અર્નબ' વાવાઝોડું ત્રાટક્યું, 3 દિવસ દ.ગુજરાત-સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી

**રાજકોટ** 39.3 ડિ.સે. સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર; અમદાવાદમાં પારો 36.1 ડિ.સે. નોંધાયો

**આગામી** 24 કલાક બાદ તાપમાનમાં 2થી 3 ડિ.સે.નો ઘટાડો થવાની શક્યતા

ગાંધીનગર: બંગાળની ખાડીમાં સર્જાયેલું અતિભીષણ ચક્રવાતી વાવાઝોડું 'અર્નબ' 28 ઓક્ટોબરની સવારે આંધ્રપ્રદેશના દરિયાકાંઠે ત્રાટક્યા બાદ ગુજરાતમાં હવામાનની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. જોકે, વાવાઝોડાની અસર વચ્ચે ગુજરાતમાં હાલ મોટાભાગનાં સ્થળોએ હવામાન શુષ્ક રહેવાની સાથે ગરમીનો પારો ઊંચો નોંધાઈ રહ્યો છે. રાજકોટ 39.3 ડિ.સે. સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું છે, જ્યારે ભૂજ, નલિયા અને કેશોદમાં પણ મહત્તમ તાપમાન 38.0 ડિ.સે. નોંધાયું છે. હવામાન વિભાગે આગામી 29થી 31 ઓક્ટોબર દરમિયાન દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓ તથા સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગરમાં છૂટાછવાયાં સ્થળોએ હળવા વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. બીજી તરફ, આગામી 24 કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નથી, પરંતુ ત્યારબાદ રાજ્યમાં તાપમાનનો પારો ધીમે ધીમે 2થી 3 ડિ.સે. ગગડી શકે છે. આમ, હાલ રાજ્યમાં ગરમીનું જોર યથાવત્ રહેવાની સાથે આગામી ત્રણ દિવસ કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાવાની સંભાવના છે.

## 29થી 31 ઓક્ટોબર સુધી ક્યાં વરસાદની શક્યતા?

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં છૂટાછવાયાં સ્થળોએ હળવા વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે. 29 ઓક્ટોબર: ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલીમાં છૂટાછવાયાં સ્થળોએ હળવો વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદ થવાની શક્યતા છે. 30 ઓક્ટોબર: ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલી ઉપરાંત સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં પણ છૂટાછવાયાં સ્થળોએ હળવા વરસાદની સંભાવના છે. 31 ઓક્ટોબર: નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલી ઉપરાંત અમરેલી અને ભાવનગર જિલ્લામાં છૂટાછવાયાં સ્થળોએ હળવો વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. આગાહી મુજબ વરસાદની શક્યતા મર્યાદિત વિસ્તારોમાં અને છૂટાછવાયાં સ્થળોએ છે. તેથી સમગ્ર રાજ્યમાં વ્યાપક વરસાદની સ્થિતિ સર્જાવાની આગાહી કરવામાં આવી નથી.

## આગામી 24 કલાક બાદ ગરમીમાં રાહતની શક્યતા

હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી 24 કલાક દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નથી. ત્યારબાદ તાપમાનમાં ક્રમશ: 2થી 3 ડિ.સે.નો ઘટાડો થઈ શકે છે. આ ઘટાડાથી ગરમીમાં આંશિક રાહત મળવાની શક્યતા છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન 36 ડિ.સે. અને લઘુત્તમ તાપમાન 20 ડિ.સે. રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં હાલ નીચલા વાતાવરણના સ્તરે ઉત્તર-પૂર્વથી પૂર્વ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે.

## આંધ્રપ્રદેશના દરિયાકાંઠે 'અર્નબ' વાવાઝોડું ત્રાટક્યું

બંગાળની ખાડીના પશ્ચિમ-મધ્ય ભાગમાં સક્રિય અતિભીષણ ચક્રવાતી વાવાઝોડું 'અર્નબ' 28 ઓક્ટોબરે વહેલી સવારે આશરે 2થી 8 વાગ્યાની વચ્ચે બાપટલા અને વિશાખાપટ્ટનમ વચ્ચે આંધ્રપ્રદેશ તથા યાનમના દરિયાકાંઠે ત્રાટક્યું હતું. ભૂમિ પર પ્રવેશ સમયે વાવાઝોડાની મહત્તમ સતત પવનની ઝડપ 125થી 135 કિમી પ્રતિ કલાક હતી, જ્યારે ઝાપટાં સાથે પવનની ઝડપ 150 કિમી પ્રતિ કલાક સુધી પહોંચી હતી. હવામાન વિભાગના અહેવાલ મુજબ, સવારે 8 વાગ્યા સુધીમાં વાવાઝોડાની ભૂમિ પર પ્રવેશવાની પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. ત્યારબાદ તે ઉત્તર-ઉત્તરપશ્ચિમ દિશામાં આગળ વધવાની શક્યતા દર્શાવવામાં આવી છે. આગામી છ કલાકમાં વાવાઝોડું ચક્રવાતી વાવાઝોડામાં અને ત્યારપછીના છ કલાકમાં વધુ નબળું પડી ઊંડા દબાણમાં પરિવર્તિત થવાની સંભાવના છે. આગામી 48 કલાક દરમિયાન તે ધીમે ધીમે નબળું પડવાની આગાહી છે. ગુજરાતમાં હાલ આ વાવાઝોડાને કારણે વ્યાપક વરસાદની આગાહી નથી. રાજ્ય માટેની હવામાન આગાહીમાં મુખ્યત્વે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં છૂટાછવાયાં હળવા વરસાદની શક્યતા દર્શાવવામાં આવી છે.

# 'ઓપરેશન ગંગાજળ': પંચાયત વિભાગના બે TDOને ફરજિયાત નિવૃત્તિ

**મુખ્યમંત્રી** ભૂપેન્દ્ર પટેલની સરકારની ભ્રષ્ટાચાર સામેની કાર્યવાહી યથાવત્

**રાણપુરના** એચ.એફ. ભૂવાતરા અને સિહોરના એમ.પી. રાવ સામે પગલાં

ગાંધીનગર: ગુજરાતમાં વહીવટી તંત્રની કાર્યપદ્ધતિ, અધિકારીઓની જવાબદારી અને ભ્રષ્ટાચાર સામે સરકારની કડકાઈ ફરી રાજકીય તથા વહીવટી ચર્ચાના કેન્દ્રમાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારના 'ઓપરેશન ગંગાજળ' અંતર્ગત પંચાયત વિભાગના વધુ બે તાલુકા વિકાસ અધિકારીઓને ફરજિયાત નિવૃત્તિ આપવાનો નિર્ણય લેવાયો છે.

બોટાદ જિલ્લાના રાણપુરના તાલુકા વિકાસ અધિકારી એચ.એફ. ભૂવાતરા અને ભાવનગર જિલ્લાના સિહોરના તાલુકા વિકાસ અધિકારી એમ.પી. રાવ સામે લેવાયેલા આ પગલાંને વહીવટી તંત્રમાં શિસ્ત અને જવાબદારીનો સંદેશ આપવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે.

આ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં આશરે 85 અધિકારી-કર્મચારીઓ સામે કાર્યવાહી થયાની વિગતો સામે આવી છે. ગંભીર ફરિયાદો અને તપાસનાં તારણોના આધારે અધિકારીઓને ફરજિયાત નિવૃત્તિ આપવા જેવા પગલાં એ સ્પષ્ટ સંકેત આપે છે કે સરકારી પદ કોઈને જવાબદારીમાંથી છટકવાની ઢાલ આપી શકતું નથી. લોકોના હકના કામમાં ગેરરીતિ આચરનારાઓ સામે તપાસથી લઈને કડક શિસ્તભંગની કાર્યવાહી સુધીનો કડક અભિગમ જ વહીવટી તંત્રમાં ભ્રષ્ટાચારને રોકવા અને જવાબદારી નક્કી કરવા માટે નિર્ણાયક બની શકે છે. સરકાર દ્વારા અત્યાર સુધીમાં 85 જેટલા અધિકારીઓને ઓપરેશન ગંગાજળમાં પાણીચું આપી દેવામાં આવ્યું છે ત્યારે આ ઓપરેશન આગામી દિવસોમાં પણ ચાલતું જ રહેશે.

## રાણપુર અને સિહોરના ટીડીઓ સામે કાર્યવાહી

પ્રાપ્ત માહિતી અનુસાર, રાણપુરના ટીડીઓ એચ.એફ. ભૂવાતરા અને સિહોરના ટીડીઓ એમ.પી. રાવ સામે વહીવટી અનિયમિતતાઓ તથા ભ્રષ્ટાચાર સંબંધિત ગંભીર ફરિયાદોને પગલે તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસના અંતે બંને અધિકારીઓને ફરજિયાત નિવૃત્તિ આપવાનો નિર્ણય લેવાયો છે. આ કાર્યવાહીથી પંચાયત વિભાગ સહિતના સરકારી તંત્રમાં અધિકારીઓની કામગીરી અને સેવાકીય જવાબદારી અંગે ફરી ચર્ચા શરૂ થઈ છે.

# ચીન દ્વારા અરુણાચલ પ્રદેશમાં ઘૂસણખોરીના સમાચાર મોદી સરકાર કેમ છૂપાવી રહી છે?



દૃષ્ટિ પોઈન્ટ ■ સંજય વોરા ■

ભારત અને ચીન વચ્ચેની અરુણાચલ પ્રદેશની સરહદ પર ચીને ઘૂસણખોરી કરી છે, પણ કેન્દ્ર સરકાર આ વાત જાહેર કરતી નથી. તા. ૨૨ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ ITBP ના ડાયરેક્ટર જનરલ શત્રુઘ્ન કપૂરે ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે થયેલી અથડામણ અંગે અહેવાલ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે અરુણાચલ પ્રદેશમાં અનેક સ્થળોએ બંને દેશોના સૈનિકો એકબીજાની સામે છે. ભારતની પ્રજા માટે આ ખૂબ ચોંકાવનારા સમાચાર છે. આ પહેલી વાર નથી જ્યારે અરુણાચલ પ્રદેશમાં ચીની અને ભારતીય સેનાઓ વચ્ચે અથડામણ થઈ હોય. અગાઉ, ૯ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ, તવાંગમાં બંને દેશોની સેનાઓ વચ્ચે અથડામણના સમાચાર સામે આવ્યા હતા. ચીન અરુણાચલ પ્રદેશમાં ૯૦,૦૦૦ ચોરસ કિલોમીટર જમીનનો દાવો કરે છે.

ITBP ના ડીજી શત્રુઘ્ન કપૂરે ગુરુવારે ITBP કર્મચારીઓના વાર્ષિક સન્માન સમારોહમાં જણાવ્યું હતું કે અરુણાચલ પ્રદેશ સરહદ પર ચાલી રહેલા સંઘર્ષ દરમિયાન ITBP કમાન્ડો સક્રિય રહ્યા છે. તેમણે શૌર્ય કમાન્ડો ટીમોના અસાધારણ કાર્યની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે આપણી નવી રચાયેલી શૌર્ય કમાન્ડો ટીમોએ આમાં ખૂબ મોટી ભૂમિકા ભજવી હતી. ITBP ની રચના પહાડી વિસ્તારોમાં ગેરિલા ફોર્સ તરીકે કરવામાં આવી હતી અને ૨૦૦૪ માં અમને ચીન સાથેની સરહદની રક્ષા કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. રાજસ્થાનના અલવરમાં સેન્ટ્રલ ટ્રેનિંગ કોલેજ (CTC) ખાતે આયોજિત કાર્યક્રમમાં બોલતાં તેમણે કહ્યું કે ITBP પરંપરાગત શસ્ત્રોનો ઉપયોગ કરે છે. ડ્રોન અને એન્ટી-ડ્રોન ટેકનોલોજીમાં રોકાણ અને વિકાસ કરવાની જરૂરિયાત પર ભાર મૂકતાં ITBP વડાએ કહ્યું કે પરંપરાગત પદ્ધતિઓ દ્વારા ચીનનો સામનો કરવો શક્ય નહીં હોય, કારણ કે તેણે તેનાં શસ્ત્રો અને માળખાગત સુવિધાઓના આધુનિકીકરણમાં ભારે રોકાણ કર્યું છે, પરંતુ ડ્રોનથી નાના દેશો મોટા દેશો સામે લડી શકે છે, જેમ કે આપણે રશિયા-યુક્રેન અને ઈરાન-યુએસ સંઘર્ષમાં જોયું છે. રશિયા દર મહિને ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ સૈનિકોનું બલિદાન આપી રહ્યું છે. શત્રુઘ્ન કપૂર ૩૧ ઓક્ટોબરે નિવૃત્ત થવાના છે.

અરુણાચલ પ્રદેશ સરહદ પર તણાવપૂર્ણ પરિસ્થિતિ અંગે ભારત-તિબેટીયન બોર્ડર પોલીસ (ITBP) ના ડાયરેક્ટર જનરલ શત્રુઘ્ન કપૂરના નિવેદન પર કોંગ્રેસ અને વિપક્ષે કેન્દ્ર સરકારને ઘેરી લીધી છે. આ વર્ષે જુલાઈમાં ઉત્તર-પૂર્વીય સરહદ પર તણાવ શરૂ થયા પછી આ પહેલી વાર સત્તાવાર રીતે પુષ્ટિ મળી છે. જુલાઈના અંતથી અરુણાચલ પ્રદેશના ઉપલા સુબાનસિરી જિલ્લાના આસાફિલા અને માજા વિસ્તારોમાં તણાવ પ્રવર્તી રહ્યો છે. કોંગ્રેસે મોદી સરકાર પર નિશાન સાધતાં કહ્યું છે કે વડા પ્રધાન અને તેમનું સમગ્ર તંત્ર આ ગંભીર મુદ્દા પર મૌન છે. કોંગ્રેસના પ્રવક્તા પવન ખેરાએ એક પ્રેસ કોન્ફરન્સમાં આરોપ લગાવ્યો કે મોદી સરકાર ચીન સામે ઝૂકી ગઈ છે. શિવસેના યુબીટીનાં નેતા પ્રિયંકા ચતુર્વેદીએ આ બાબતને ગંભીર ગણાવી અને કહ્યું કે દેશના ગૃહમંત્રી, સંરક્ષણમંત્રી અને વિદેશમંત્રીએ જવાબ આપવો જોઈએ.

ITBP વડાના નિવેદન બાદ કોંગ્રેસ પાર્ટીએ કેન્દ્રની મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને આરોપ લગાવ્યો કે ચીની સૈનિકો સાથે અથડામણના અહેવાલો આ વર્ષે જુલાઈથી ફરતા થઈ રહ્યા છે, પરંતુ મોદી સરકાર આ અહેવાલોને દબાવવામાં વ્યસ્ત છે. કોંગ્રેસના X હેન્ડલ પર એક પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે ચીનને લાલ આંખો બતાવવાને બદલે નરેન્દ્ર મોદી બ્રિક્સ સમિટમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મજાક કરતા જોવા મળ્યા હતા. એક તરફ ચીન આપણા સૈનિકો સાથે અથડામણ કરી રહ્યું હતું, જ્યારે બીજી તરફ મોદી ચીની રાષ્ટ્રપતિનું સ્વાગત કરી રહ્યા હતા. આ આપણા બહાદુર સૈનિકોના ઘા પર મીઠું ભભરાવવા જેવું છે.

ચીન ફક્ત ભારતના અરુણાચલ પ્રદેશ જ નહીં પરંતુ અન્ય દેશોમાં પણ ઘૂસણખોરી કરી રહ્યું છે. ચીને મોંગોલિયા સહિતના ૫ દેશોની ૪૦ લાખ ચોરસ કિલોમીટર જમીન પર કબજો જમાવી લીધો છે. ૧૯૪૯માં ચીને પૂર્વ તુર્કસ્તાન પર કબજો કર્યો. ચીન તેને શિનજિયાંગ પ્રાંત કહે છે. તેનો કુલ વિસ્તાર ઈરાનના કદ જેટલો છે. ઉઇગુર મુસ્લિમોને તુર્કી મૂળના માનવામાં આવે છે. ચીનના નિયંત્રણ હેઠળનો શિનજિયાંગ ઉઇગુર સ્વાયત્ત પ્રદેશ આશરે ૧૬.૬૫ લાખ ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લે છે. ઉઇગુર અને કેટલાક સ્વતંત્રતા સમર્થક સંગઠનો આ પ્રદેશને પૂર્વ તુર્કિસ્તાન તરીકે ઓળખે છે. ૨૩ મે, ૧૯૫૦ ના રોજ, હજારો ચીની સૈનિકોએ તિબેટ પર આક્રમણ કર્યું અને કબજો કર્યો હતો. પૂર્વ તુર્કસ્તાન પછી તિબેટ ચીનનો બીજો સૌથી મોટો પ્રાંત છે.

તેની વસ્તીના ૭૮ ટકા લોકો બૌદ્ધ છે. તિબેટનો જે ભાગ ચીન સત્તાવાર રીતે તિબેટ સ્વાયત્ત પ્રદેશ તરીકે નિયુક્ત કરે છે તે આશરે ૧૨.૨ લાખ ચોરસ કિલોમીટરનો વિસ્તાર ધરાવે છે, જે ચીનના કુલ વિસ્તારના ૧૩ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. ૧૯૫૯માં ચીને તિબેટીયન આધ્યાત્મિક નેતા દલાઈ લામાને બેઇજિંગની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું, પરંતુ તેમનાં સમર્થકોએ તેમને ઘેરી લીધા હતા. ત્યાર બાદ દલાઈ લામાને ભારતમાં આશ્રય લેવો પડ્યો હતો.

ચીન હાલમાં હોંગકોંગના સમગ્ર પ્રદેશ (કુલ ભૂમિ વિસ્તાર ૧,૧૧૪.૫૭ ચોરસ કિલોમીટર) પર નિયંત્રણ ધરાવે છે. હોંગકોંગ પહેલાં ચીનના શાસન હેઠળ હતું, પરંતુ ૧૮૪૨માં ચીને પ્રથમ અફીણ યુદ્ધ પછી થયેલા કરારના ભાગ રૂપે તેને બ્રિટનને સોંપી દીધું હતું. લગભગ ૧૫૫ વર્ષ પછી, ૧૯૯૭માં બ્રિટને હોંગકોંગ ચીનને પાછું આપ્યું. આનાથી એક દેશ, બે વ્યવસ્થા સિસ્ટમ અમલમાં આવી, જેણે ૨૦૪૭ સુધી ૫૦ વર્ષ માટે હોંગકોંગને તેની અલગ કાનૂની અને આર્થિક વ્યવસ્થાની ખાતરી આપી. બીજા વિશ્વયુદ્ધ પછી આંતરિક મંગોલિયા ચીનના નિયંત્રણ હેઠળ રહ્યું. ૧૯૪૭ માં ચીને તેને સ્વાયત્ત પ્રદેશ જાહેર કર્યો. તે ક્ષેત્રફળની દૃષ્ટિએ ચીનનો ત્રીજો સૌથી મોટો વહીવટી પ્રદેશ છે. તેનો કુલ વિસ્તાર આશરે ૧૧.૮ લાખ ચોરસ કિલોમીટર છે.

મકાઉ પર લગભગ ૪૦૦ વર્ષ સુધી પોર્ટુગલનું શાસન હતું. ડિસેમ્બર ૧૯૯૯માં પોર્ટુગલે તેને ચીનને સોંપી દીધું. હોંગકોંગની જેમ, મકાઉએ પણ એક દેશ, બે સિસ્ટમ્સ વ્યવસ્થા લાગુ કરી, જેનાથી મકાઉને પોતાની અલગ કાનૂની અને આર્થિક સિસ્ટમ જાળવવાનો અધિકાર મળ્યો. આ વ્યવસ્થા ૫૦ વર્ષ સુધી, ૨૦૪૯ સુધી અમલમાં રહેવાની છે. મકાઉ ચીનના દક્ષિણ કિનારે સ્થિત એક નાનો પ્રદેશ છે, જેનો કુલ ભૂમિ વિસ્તાર ફક્ત ૩૨.૯ ચોરસ કિલોમીટર છે.

ચીન અરુણાચલ પ્રદેશ પર નજર રાખી રહ્યું છે તેનાં ત્રણ કારણો છે. ૧૯૬૨માં ચીને ભારત પર બે બાજુથી હુમલો કર્યો હતો. પહેલો હુમલો લદ્દાખના લેહ અને જમ્મુ અને કાશ્મીરથી કરવામાં આવ્યો હતો, જ્યારે બીજો હુમલો અરુણાચલ પ્રદેશના નેફા ક્ષેત્રમાં કરવામાં આવ્યો હતો. ચીની સેના અરુણાચલ પ્રદેશમાં લગભગ ૬૦ કિલોમીટર આગળ વધી હતી. ૨૧ નવેમ્બર, ૧૯૬૨ના રોજ ચીને આ વિસ્તારમાંથી પોતાના સૈનિકો પાછા ખેંચી લીધા હોવા છતાં તેણે અક્સાઈ ચીન પર નિયંત્રણ જાળવી રાખ્યું હતું. ચીન ૨૦૦૭માં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બન્યું. આ પછી, પ્રાદેશિક મુદ્દાઓ પર તેનું વલણ આકરું બન્યું.

૨૦૧૦ માં બીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બન્યા પછી તેનું વલણ વધુ આક્રમક બન્યું. આ પછી અરુણાચલ પ્રદેશમાં ચીનનો રસ વધતો ગયો. ચીન જાણે છે કે અરુણાચલ ભારતનો અભિન્ન ભાગ છે, છતાં તે પોતાની કાર્યવાહીથી દૂર નથી.

ચીનના પૂર્વ અને પશ્ચિમી દરિયાકાંઠા વચ્ચેનું અંતર ૯,૦૦૦ કિલોમીટર છે. તેને ડર છે કે ભારત સાથે યુદ્ધની સ્થિતિમાં અરુણાચલ પ્રદેશથી છોડવામાં આવેલી મિસાઇલ ચીનના ગીચ વસ્તીવાળા પૂર્વીય પ્રદેશ સુધી પહોંચી શકે છે. લદ્દાખથી છોડવામાં આવેલી મિસાઇલ ત્યાં સુધી પહોંચવી મુશ્કેલ હશે. ૨૦૦૯ માં દલાઈ લામાએ બે વાર અરુણાચલની મુલાકાત લીધી હતી.

આ મુલાકાતો દરમિયાન તેમણે કહ્યું હતું કે આગામી દલાઈ લામાની પસંદગી ચીનની બહાર કરવામાં આવશે. ચીનને ડર હતો કે આનાથી તિબેટમાં અસ્થિરતા વધી શકે છે. આ પછી ચીને અરુણાચલના ઘણા વિસ્તારોનાં નામ બદલવાનું શરૂ કર્યું. તેણે ૬૨ સ્થળો માટે ચીની નામો જારી કર્યાં છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**અરુણાચલ પ્રદેશ સરહદ પર તણાવપૂર્ણ પરિસ્થિતિ અંગે ભારત-તિબેટીયન બોર્ડર પોલીસ (ITBP) ના ડાયરેક્ટર જનરલ શત્રુઘ્ન કપૂરના નિવેદન પર વિપક્ષે કેન્દ્ર સરકારને ઘેરી લીધી છે**

# BUSINESS મિત્ર

# સેન્સેક્સ-નિફ્ટી તૂટ્યા છતાં રોકાણકારો માલામાલ

**સેન્સેક્સ**-નિફ્ટીમાં ઘટાડા છતાં રોકાણકારોની તિજોરીમાં રૂ. 12 લાખ કરોડ ઉમેરાયા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. 28

ભારતીય શેરબજારમાં આજે સતત બીજા દિવસે ઘટાડો જોવા મળ્યો હતો. વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલની સાથે સેન્સેક્સ મંથલી એક્સપાયરી પુર્વે બજાર અથડાતું રહ્યું હતું. આજે શેરબજારમાં સેન્સેક્સ અને નિફ્ટી લાલ નિશાનમાં રહેવા છતાં રોકાણકારોને રૂ. 12 લાખ કરોડની કમાણી થઈ છે.

સેક્ટર વાઈઝ જોઈએ તો આઈટી સેક્ટરનું દબાણ જોવા મળ્યું હતું. જેનાથી નિફ્ટી 2 ટકા જેટલું નબળું પડ્યું હતું. આ ઉપરાંત, ઓઈલ એન્ડ ગેસ અને રિયલ્ટી શેરોમાં પણ નરમાઈ જોવા મળી હતી.જ્યારે ફાર્મા અને ઓટો સેક્ટરે બજારને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો, આ ઉપરાંત કન્ઝયુમર ડ્યુરેબલ્સ અને મીડિયા શેરોમાં સુધારો જોવાયો હતો. આજે નિફ્ટીમાં 81 શેરો બાવનન વીકની ઉંચાઈએ પહોંચ્યા હતા, જ્યારે 222 શેરો બાવન વીકની નીચે સરક્યા હતા.

બીએસઈ સેન્સેક્સ 352.64 પોઈન્ટ એટલે કે 0.48 ટકા ઘટીને 73246.03 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા છે. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 73525 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 72603 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 50.90 પોઈન્ટ એટલે કે 0.22 ટકા ઘટીને 22698.85 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટી 22700 પોઈન્ટની સપાટી તોડી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22778 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22497 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 292.50 પોઈન્ટ એટલે કે 0.54 ટકા વધીને 54267.40 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે યુનાઈટેડ બ્રેવરેજીસમાં 116.89 ગણા, પિરામલ ફાર્મામાં 29.92 ગણા, જ્યુબીલન્ટ ઈન્ગ્રીવામાં 24.76 ગણા, સ્ટાર હેલ્થમાં 5.81 ગણા અને સમવર્ધન મધરસનમાં 5.41 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે પિરામલ ફાર્મામાં 43.33 ગણા, યુનાઈટેડ બ્રેવરેજીસમાં 26.44 ગણા, સીન્જીન ઈન્ટરનેશનલમાં 24.63 ગણા, સ્ટાર હેલ્થમાં 14.55 ગણા અને કારટ્રેડ ટેકમાં 13.2 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારાની ચાલ આગળ વધી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.51 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.37 ટકા સુધર્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઈ ખાતે 2261 શેરો વધ્યા હતા, જ્યરે 2063 શેરો ઘટ્યા હતા અને 241 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સ 2.27 ટકા ઘટ્યો હતો. જેમાં પેટ્રોનેટ એલએનજી, ચેન્નાઈ પેટ્રોલિયમ, રિલાયન્સ, બીપીસીએલ, એચપીસીએલ, ઓએનજીસી, ઓઈલ ઈન્ડિયા, આઈઓસી, એજીસ લોજીસ્ટીક અને એજીસ વોપેક ટર્મિનલ્સ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે આજે યુએસ ડાઉ ફ્યુચર્સ 120 પોઈન્ટ ઘટાડા સાથે ચાલી રહ્યો હોવાથી અમેરિકન બજારો લાલ નિશાનમાં ખુલવાના સંકેત આપી રહ્યા છે. કોર્પોરેટ કમાણી ઉપર રોકાણકારોની નજર છે, જ્યારે યુએસ ફેડરલ રિઝર્વની બેઠક પુર્વે રોકાણકારો સાવેચતીનું વલણ રાખી રહ્યા છે, જેના લીધે યુરોપિયન બજારો નીચા ચાલી રહ્યા છે. બીજી તરફ, એઆઈની માગના નવેસરથી આશાવાદના પગલે યુએસની ટેકનોલોજી કંપનીઓની કમાણી અને ફેડરલ રિઝર્વની બેઠક પહેલા ટેકનોલોજી શેરો સુધર્યા હોવાથી મોટા ભાગના એશિયન બજારો પોઝિટિવ બંધ રહ્યા હતા. જ્યારે દક્ષિણ કોરિયાની ચિપ ઉત્પાદક એસકે હાઈનિક્સના રેકોર્ડ કવાર્ટલી પરિણામોની બજારમાં પોઝિટિવ અસર કરી છે.

યુરોપિયન બજારોમાં એપટીએસઈ 0.28 ટકા, કેક 0.11 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે, જ્યારે ડેક્સ 0.07 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.24 ટકા, સ્ટ્રેઈટસ 0.02 ટકા, હેંગસેંગ 0.11 ટકા, તાઈવાન 2.00 ટકા, કોસ્પી 6.22 ટકા જકાર્તા 0.31 ટકા અને શાંઘાઈ 0.90 ટકા સુધર્યા હતા.

## ક્રુડ ફરીથી 115 કુદાવતા ડોલર મજબૂત રહ્યો

ક્રુડ ઓઇલના ભાવમાં થોડીક રાહત બાદ આજે ફરીથી ક્રુડ ઓઇલના ભાવ 115 ડોલર પ્રતિ બેરલને પાર નીકળી જતા ડોલરમાં મજબૂતાઇ જોવા મળી હતી. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 10 પૈસા સુધરીને 95.22ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.12ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 105.80, પાઉન્ડ 126.96, કેનેડિયન ડોલર 68.01, ઓસ્ટ્રેલિયન ડોલર 66.65, જાપાનીઝ યેન 0.6031, સીંગાપોર ડોલર 74.39ના સ્તરે બંધ રહ્યા છે.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.22 રૂ. |
| યુરો | 105.80 રૂ. |
| પાઉન્ડ | 126.96 રૂ. |
| યેન | 0.6065 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -352.64 | 73246.03 |
| નિફ્ટી | -50.90 | 22698.85 |
| બેન્ક નિફ્ટી | 292.50 | 54267.40 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અપોલો હોસ્પિટલ | 4.43 | 8137.00 |
| લાર્સન-ટુબ્રો | 3.72 | 3801.30 |
| ટ્રેન્ટ | 3.31 | 2913.90 |
| એસબીઆઇ લાઇફ | 2.06 | 1666.70 |
| ઇન્ટરગ્લોબ | 2.03 | 4690.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 3.43 | 1123.15 |
| રિલાયન્સ ઇન્ડ. | 3.19 | 1158.00 |
| ઓએનજીસી | 2.16 | 224.89 |
| ટેક મહિન્દ્રા | 1.92 | 1776.60 |
| ભારતી એરટેલ | 1.55 | 1948.10 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| લાર્સન-ટુબ્રો | 3.68 | 3805.00 |
| ટ્રેન્ટ | 2.79 | 2908.00 |
| એસબીઆઇ | 1.23 | 956.75 |
| એક્સીસ બેન્ક | 1.14 | 1220.00 |
| ઇન્ટરગ્લોબ | 1.13 | 4671.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| રિલાયન્સ ઇન્ડ. | 3.46 | 1158.50 |
| ઇન્ફોસીસ | 3.34 | 1123.15 |
| ટેક મહિન્દ્રા | 1.83 | 1774.00 |
| ટીસીએસ | 1.68 | 2458.00 |
| ભારતી એરટેલ | 1.42 | 1950.00 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૪ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૪.૫ | ૫૦/૩૬ '' | ૧૬૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૧૧.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૭ |
| ૬૮/૩૬ | ૧૭૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૭૨.૨૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૫.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૬૮.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨.૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૩.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૩૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૭.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૮ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

**તેલ બજાર સુરત** — ૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** — પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૭૦૦ |
| એમ-૩૦ | ૫૬૦૦ |
| એસ-૩૦ | ૫૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૭૨૦૦ |
| તેજાબી સોનું | ૧૪૭૧૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૯૮૪૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૪૨૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૭૨૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૯૯૬૦૦ |
| ચાંદી સિક્કા | ૨૦૧૧૦૦ |

# દેશમાં સ્થાનિક હવાઈ મુસાફરોની સંખ્યામાં 6.5 ટકાનો ઘટાડો

**ઉંચા** એર ફેર અને મોંઘા ઇંધણને લીધે સપ્ટેમ્બરમાં મુસાફરો ઘટીને 11.82 મિલિયને પહોંચ્યા

નવી દિલ્હી, તા. 28: ભારતમાં હવાઈ મુસાફરોની સંખ્યા ઘટતી જોવા મળી રહી છે, જેમાં સપ્ટેમ્બર 2026માં આ આંકડામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. દેશમાં સ્થાનિક હવાઇ મુસાફરોની સંખ્યામાં વાર્ષિક ધોરણે 6.5 ટકાનો ઘટાડો નોંધાયો છે. કોવિડ-19 રોગચાળા પછીનો આ સૌથી મોટો વાર્ષિક ઘટાડો માનવામાં આવી રહ્યો છએ.

ડીજીસીએના ડેટા અનુસાર સપ્ટેમ્બર 2026માં 11.82 મિલિયન મુસાફરોએ સ્થાનિક એરલાઈન્સ પર મુસાફરી કરી હતી. સપ્ટેમ્બર 2025માં આ સંખ્યા 12.64 મિલિયન હતી. સપ્ટેમ્બરમાં મુસાફરોની અવરજવર પણ ઓગસ્ટ 2026ની તુલનામાં 2.5 ટકા ઓછી હતી. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે દેશના ઉડ્ડયન ક્ષેત્રનો વિકાસ હાલમાં દબાણ હેઠળ છે.

ભારતનું સ્થાનિક ઉડ્ડયન બજાર વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું બજાર રહ્યું છે. જોકે, છેલ્લા કેટલાક મહિનાઓથી મંદીનો અનુભવ થઈ રહ્યો છે. સપ્ટેમ્બરમાં મુસાફરોના ઘટાડા પાછળનું મુખ્ય કારણ વિમાન ભાડામાં વધારો છે. ઉડ્ડયન ઇંધણના ઉંચા ભાવને કારણે, એરલાઈન્સ ટિકિટ પર વધારાની ફી લાદવાનું શરૂ કર્યુ છે. આનાથી ખાસ કરીને મુસાફરો પ્રભાવિત થયા હતા, જેઓ કિંમતના આધારે મુસાફરીને પ્રાથમિકતા આપે છ.

સામાન્ય રીતે સપ્ટેમ્બરમાં ચોમાસાના અંત અને ઉનાળાની રજાઓને કારણે હવાઈ મુસાફરીની માગમાં ઘટાડો થાય છે. ઓક્ટોબરમાં તહેવારોની મોસમ શરૂ થતાં મુસાફરોની સંખ્યામાં વધારો થવાની ધારણા છે. જોકે, આ વખતે ટિકિટના ઉંચા ભાવને કારણે એરલાઈન્સ મુસાફરોને આકર્ષવામાં પડકારોનો સામનો કરી રહી છે.

ડીજીસીએના ડેટા અનુસાર જાન્યુઆરીથી સપ્ટેમ્બર 2026 દરમ્યાન 122.35 મિલિયન મુસાફરોએ સ્થાનિક એરલાઈન્સમાં મુસાફરી કરી હતી. ગત વર્ષના સમાન ગાળામાં આ સંખ્યા 123.37 મિલિયન હતી. આમ, વર્ષના પ્રથમ નવ મહિનામાં મુસાફરોની સંખ્યા 0.82 ટકા ઘટી છે. આ ઘટાડો એવા સમયે થયો છે જ્યારે ભારતમાં હવાઈ મુસાફરીની માગ લાંબા સમયથી ઝડપથી વધી રહી છે.

# દેશમાં મોબાઈલ વપરાશકર્તાઓનો આંકડો 136 કરોડે પહોંચ્યો

**દિલ્હી** 375 ટકા ટેલિ ડેન્સિટી સાથે દેશમાં ટોચ પર, જ્યારે બિહાર 64.49 ટકા સાથે સૌથી નીચે

નવી દિલ્હી, તા. 28: સપ્ટેમ્બરના અંત સુધીમાં દેશમાં મોબાઇલ ફોન વપરાશકર્તાઓની કુલ સંખ્યા 136 કરોડ થઇ ગઇ હોવાનું ટ્રાઇના ડેટામાં જાહેર થયું છે. જે ઓગસ્ટની સરખામણીએ 0.53 ટકાનો વધારો દર્શાવે છે. ભારતની એકંદર ટેલિ ડેન્સિટી પણ 95.07 ટકાથી સુધરીને 95.52 ટકા થઇ છે. ટેલિ ડેન્સિટીની દ્રષ્ટિએ દિલ્હી ટોચ પર છે. શહેરો અને ગામડાઓ વચ્ચે ટેલિ ડેન્સિટીમાં મોટો તફાવત છે, જેમાં દિલ્હી સૌથી આગળ છે. હકીકતમાં, દેશના કુલ ટેલિફોન સબસ્ક્રાઈબર્સમાં શહેરી હિસ્સો 59.05 ટકા છે જ્યારે ગ્રામીણ હિસ્સો 40.95 ટકા છે. જેના મુખ્ય કારણમાં શહેરોમાં એક વ્યક્તિ પાસે એકથી વધુ સીમ કાર્ડ છે. પરિણામે ટેલિ ડેન્સિટી 155.85 ટકા હતી. જ્યારે ગામડાઓમાં આ આંકડો 61.30 ટકા હતો. રાજ્ય સ્તરે દિલ્હીમાં 375.65 ટકા ટેલિ ડેન્સિટી સાથે યાદીમાં ટોચ પર છે, જ્યારે બિહાર 64.49 ટકા સાથે સૌથી નીચા ક્રમે છે.

બજારના હિસ્સાની દ્રષ્ટિએ જોઇએ તો જિયો પ્લેટફોર્મ 39.32 ટકા એટલે કે 511.1 મિલિયન વપરાશકર્તાઓ સાથે પ્રથમ ક્રમે છે અને એરટેલ 38.02 ટકા એટલે કે 494.2 મિલિયન વપરાશકર્તા સાથે બીજા ક્રમે છે. જોકે, સક્રિય વપરાશકર્તાઓની દ્રષ્ટિએ એરટેલ જિયોથી આગળ રહ્યું છે.

# અદાણી પોર્ટસે બીજા કવાર્ટરમાં સુંદર પ્રદર્શન કર્યુ

અમદાવાદ, તા. 28: ભારતની સૌથી મોટી ખાનગી પોર્ટ ઓપરેટર અદાણી પોર્ટસે પરિણામો જાહેર કર્યા છે. કંપનીએ બીજા કવાર્ટરના પરિણામાં રૂ. 3622 કરોડનો ચોખ્ખો નફો કર્યો છે, જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. 3109 કરોડ હતો, જે 17 ટકાની વૃદ્ધિ દર્શાવે છે. આ ઉપરાંત, કંપનીની આવકમાં 24 ટકાના વધારા સાથે રૂ. 11340 કરોડ થઇ છે. જે વર્ષ અગાઉ રૂ. 9167 કરોડની હતી. અદાણી પોર્ટસે નાણાકીય વર્ષ 2027 માટેના ગાઈડન્સ વધાર્ હતા, જે મજબૂત પ્રથમ અર્ધવાર્ષિક પ્રદર્શનના આધારે છે. અદાણી પોર્ટસની મજબૂત બેલેન્સશીટ તેની વિકાસ યોજનાઓને ટેકો આપે છે. પ્રથમ છ મહિનામાં રૂ. 13327 કરોડનો ઓપરેટિંગ કેશ ફ્લો પ્રાપ્ત થયો હતો.